મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૨૯ ટકા
ગાંધીનગર તાપમાન

અંબાપુર પાસેથી પોલીસની ઓળખ આપી વેપારીના ૩.૩.૨૭ લાખ લઈ જનાર ટોળકીના બે સભ્યો ઝડપાયા

એલસીબી પોલીસે એપોલો સર્કલ પાસેથી બે શખ્સોને સ્કોડા કાર, એકસેસ અને રોકડા ૩.૨૦ હજાર સાથે પકડી પાડ્યા છે, રાજુ મારવાડી અને તેના એક મિત્રની શોધખોળ શરુ

ગાંધીનગર, તા.૨૮

મહારાષ્ટ્ર ખાતે કાચના શો પીસનો વેપાર કરી તેના રૂપીયા લઈને રાજસ્થાન ઘર તરફ જઈ રહ્યા હતા. તે સમયે કોબા થી અડાલજ માર્ગ પર રીક્ષાની આગળ કાર ઉભી રાખીને પોલીસ તરીકેની ઓળખ આપીને ફરીયાદીને વિશ્વાસમાં લઈ તેમની પાસે રહેલા રૂ.૩,૦૯,૦૦૦ રૂપીયાનો થેલો, ભત્રીજાના રૂ.૧૮ હજાર અને મોબાઈલ ફોન તેમજ આધારકાર્ડ લઈને ગઠીયા ટોળકી છુમંતર થઈ ગઈ હતી. ત્યારે આ ગુનો આચરનાર ટોળકીના બે સભ્યોને એપોલો સર્કલ પાસેના સર્વિસ માર્ગ પરથી એલસીબી-૧ પોલીસે દબોચી લીધા હતા. પોલીસે તેમની પાસેથી ગુનામાં વપરાયેલી રૂ.૧.૫૦ લાખની સ્કોડા કાર, રૂ.૨૫ હજારનું એકસેસ, અને રોકડ રૂ.૨૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જયારે રાજુ મારવાડી અને તેના એક મિત્રની શોધખોળ ચાલુ છે.

સુત્રો પાસેથી મળતી વિગત

મુજબ આ ગુનાના આરોપીઓને પકડી પાડવા માટે રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ તમામ સંબંધિત અધિકારીઓને સુચના આપી હતી. જેને પગલે એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ અને જવાનો પેટ્રોલીંગમા હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ વિજયસિંહ નવલસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે અડાલજ પોલીસ મથકે નોધાયેલા ગુનાના આરોપીઓ એપોલો સર્કલ પાસે સ્વામીનારાયણ ઈન્સ્ટીટયુટની નજીક સર્વિસ માર્ગ સ્કોડા કાર સાથે ઉભા છે. જેથી એલસીબી પોલીસે તાત્કાલીક સ્થળ પર જઈને જગદીશ અદરાજી જવારાજી માલી (ઉં.૩૪, રહે, ગોપાલનગર ઘાટલોડીયા મુળ રહે. પાંચકુવા ભીનમાલ જી. ઝાલોર રાજસ્થાન) અને શંકરભાઈ ધનાજીભાઈ ભીમાજી બાવરી (ઉં.૧૯ સેકટર-૨૪ ઈન્દીરાનગર છાપરા) ને સ્કોડા કાર નં. જી.જે.૦૧.કે.આર.-૭૦૮૮ તેમજ એકસેસ નં.જી.જે.૧૮.સી.કે.-૪૪૧૪ સાથે પકડી પાડ્યા હતા. પોલીસે બંને ઈસમોની અંગજડતી લેતા રોકડા રૂ.૨૦ હજાર મળી આવ્યા હતા. પોલીસે રોકડા રૂપીયા અંગે પુછતાછ કરતા કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા જગદીશ માલીએ જણાવ્યું હતું કે તા.૧૭ ફેબુઆરીના રોજ બપોરના સુમારે વધુ એક સાગરીત રાજુ હરીભાઈ મારવાડી (ઝંડાવાળા)નો ફોન આવ્યો હતો. જેમાં તેણે જણાવ્યું હતું કે શંકર બાવરીનો સંબંધી મહારાષ્ટ્રથી રોકડા નાણા લઈને રાજસ્થના જનાર છે, અને શંકરના પિતાજીએ શંકરને આપવા રોકડ રૂ.૧૭ હજાર પણ મોકલનાર છે જેથી તેઓ પાસેથી રૂપીયા ભરેલો થેલો લઈ લેવાનો પ્લાન ઘડયો હતો. પ્લાન મુજબ જગદીશ માલી પોતાની સ્કોડા કાર લઈને આવ્યો હતો અને રાજુ મારવાડીનો અન્ય એક મિત્ર ગાડીમાં બેસી ગયો હતો. ત્યારે કોબા-અડાલજ માર્ગ પર જ રીક્ષાને ઓવરટેક કરીને ઉભી રાખી હતી. તે સમયે રાજુ મારવાડીના મિત્ર એ પોલીસ તરીકેની ઓળખ આપી વિશ્વાસમાં કેળવી ચેકીંગના બહાને રોકડા રૂ.૩,૦૯,૦૦૦ લાખ ભરેલો થેલો તેમજ ફરીયાદીના ભત્રીજા પાસે રહેલા રોકડા રૂ.૧૮ હજાર, આધારકાર્ડ અને મોબાઈલ ફોન લઈ જતા રહ્યા હતા. આ શખ્સો ભાગ પાડવા માટે એકઠા થયા હતા તે સમયે એલસીબી -૧ પોલીસે તેઓને દબોચી લીધા હતા.

બાળપણ એ એવી અવસ્થા છે જે જીવનમાં એક જ વાર માણવા, અનુભવવા મળે છે. આખી જીંદગી પછી તેને વાગોળવાનો જ હોય છે. આજે આધેડ અવસ્થાએ પહોંચેલી એક આખી પેઢીએ બાળપણમાં જે અનુભવ્યું છે, જોયું છે તેના અંશો કયાંક કયાંક જોવા મળી જાય છે. 'બુઢીના બાલ' પણ એક એવી જ ચીજ છે જેની સાથે ઘણાના બાળપણ જોડાયેલા છે. મેળાઓમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ગુલાબી-પીળા-લીલા કલરના 'બુઢીના બાલ' ખુબ જ વેચાય છે. શહેરી વિસ્તારોમાં કયારેક કયારેક 'બુઢીના બાલ' વેચતા ફેરીયાઓ જોવા મળી રહ્યા છે.

સેકટર-૫-સી ખાતે અનુબેન બિપિનભાઈ જાની પરિવાર દ્વારા ભારતીબાપુની વ્યાસ પીઠે સુંદરકાંડ પાઠ યોજાયો હતો. આ ધાર્મિક કાર્યક્રમમાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ગાંધીનગર કનોજીયા ધોબી સમાજનો વાર્ષિક મિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર કનોજીયા ધોબી સમાજ દ્વારા હનુમાનજી મંદિર, સેકટર-૨૪ ખાતે વાર્ષિક મિલન સમારોહ અંતર્ગત હવન, સન્માન સમારંભ તથા સમાજના બાળકોના સ્ટેજ પરફોર્મન્સ માટે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. સમાજના ઉત્તરોત્તર વિકાસ અને ઉત્થાન માટે સંગઠનની એકતા પર વકતવ્ય આપવા આ પ્રસંગે ગાંધીનગરના જાણીતા લોકસાહિત્યકાર તથા સામાજિક અગ્રણી વિનોદભાઈ ઉદેચા એ ખાસ ઉપસ્થિત રહીને સમાજના સામાજિક ભવન નિર્માણ અને તેમાં સામાજિક પ્રસંગો સહિત સમાજના દીકરા-દીકરીઓના ઉચ્ચ અભ્યાસની વ્યવસ્થા ઉભી કરવા બાબતે માર્ગદર્શન પુરું પાડયું હતું.

સમાજ દ્વારા મંચસ્થ મહેમાનોનું શાલ તથા ફુલહારથી સ્વાગત કરાયું હતું. આ પ્રસંગનું દર વર્ષે આયોજન કરીને સતત સફળતા અપાવવા સંસ્થાના સ્થાપક રામ સુમેરજી કનોજીયા, વર્તમાન પ્રમુખ રાજેશભાઈ કનોજીયા, સંચાર મંત્રી રાજમનભાઈ, ઉપપ્રમુખ ધર્મેન્દ્રજી, શ્યામલાલજી, મહામંત્રી વીરેન્દ્રભાઈ, મંત્રી પરમાત્માભાઈ, કારોબારી અધ્યક્ષ રાકેશભાઈ, નિરીક્ષક વિજયભાઈ સલાહકાર બાલમુકુન્દજી તથા ખજાનચી રામનરેશજીએ ભારે જહેમત ઉઠાવી હતી. મંચ પરથી બાળકોએ ગીત, નાટક પ્રયોગ તથા સ્પીચ દ્વારા સુંદર પરફોર્મન્સ રજુ કરતા સર્વેએ તાલીઓના ગડગડાટ સાથે વધાવી લીધા હતા અને બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું. આ પ્રસંગે ગાંધીનગરમાં વસવાટ કરતા અને ખાસ કરીને મૂળ ઉત્તર પ્રદેશના વતની એવા કનોજીયા પરીવારના સભ્યો મોટી સંખ્યામાં સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા.

મહાનગર ભાજપ દ્વારા 'મન કી બાત' સાંભળવાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમને સાંભળવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશના લોકલાડીલા અને યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસંવાદ કાર્યક્રમ 'મન કી બાત' કાર્યક્રમને ભાજપા કાર્યકર્તાઓ તથા સ્થાનિક રહેવાસીઓ રેડિયો, ટીવી, મોબાઈલ એપ વગેરેના માધ્યમથી ઉમળકાભેર સાંભળે છે, ભાજપા સંગઠન દ્વારા બુથસ્તરે આ કાર્યક્રમને સાંભળવાનું આયોજન

કરવામાં આવે છે ત્યારે આજે ફેબ્રુઆરી માસના અંતિમ રવિવારે ભાજપા દ્વારા મહાનગરના વિવિધ વોર્ડ/વિસ્તારમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમને સાંભળવાનું આયોજન કરાયું હતું.

આ અંતર્ગત શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટે સેક્ટર-૨૨ સ્થિત ભાજપાના વોર્ડ કાર્યાલયમાં કાર્યકર્તાઓ સાથે 'મન કી બાત' કાર્યક્રમ સાંભળ્યો હતો તેમજ શહેરના ભાજપા સંગઠનના પદાધિકારીઓ, અગ્રણીશ્રીઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, કાર્યકર્તાઓએ પણ બુથમાં 'મન કી બાત' કાર્યક્રમને સાંભળવાનું સુંદર આયોજન કર્યું હતું.

એસએસવી કેમ્પસમાં વિસામો પંખીઓનો

સાચું જ કહેવામાં આવ્યું છે કે 'ધરતી નો છેડો ઘર' આખા દિવસનો થાક્યો પાક્યો માણસ ઘરે આવીને શાંતીનો અનુભવ કરે છે તે જ પ્રમાણે આખો દિવસ દાણા માટે આમ તેમ ફરતાં પંખીઓ સાંજ પડતા પોતાના માળામાં પાછા ફરે છે. તેઓ અલગ અલગ વસ્તુઓ જેમ કે સળકડી, સાંઠા, સૂકા ઘાસ એકઠી કરી ખૂબજ મહેનતથી આ માળા બનાવતા હોય છે. એસ.એસ.વી કેમ્પસમાં વિદ્યાર્થીઓએ આવા જ સુંદર માળા બનાવવાનો પ્રયત્ન કર્યો. જેમાં વિદ્યાર્થીઓએ પક્ષીઓ દ્વારા માળા બનવવા માટે થતી મહેનતનો અનુભવ કર્યો હતો.

ધર્મ સાંસદ કથાકાર પૂજ્ય કનૈયાલાલ પંડ્યાજી ના જન્મ દિન નિમિતે નિર્મોહી આશ્રમ દ્વારા સેવા, વસ્તી માં ગરીબોને ભોજનનું વિતરણ કરાયું હતું. અશ્વિન ત્રિવેદી, એડવોકેટ અને જાણીતા પત્રકાર મુકેશ પંડ્યા આ સેવાકાર્યમાં જોડાયા હતા.

મને પણ કુદરત સાથે પ્રેમ છે અને મારા બાળકોને પણ....!!!

એડવેન્ચર સ્પોર્ટસના શોખીન પિતાએ બાળકોમાં પણ સાહસિકતાના ગુણ ખીલવ્યાં : ૯ વર્ષનો દિકરો પેરાગ્લાઈડીંગ અને બર્ફીલા પહાડો પર રોક કલાઈમ્બિંગ કરી ચુકયો છે જયારે ૪ વર્ષનો દિકરો પણ નોનસ્ટોપ ૬ કિમી સાયકલીંગ કરી ચુકયો છે અને હવે ઈડરીયો ગઢ ચઢવા થનગની રહ્યો છે

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતીઓ એટલે દાળ-ભાત ખાનારા અને શેરબજારમાં રમનારા, તેમનાથી પહાડ પર ચઢવાના કે તોફાની નદીમાં ઝંપલાવવાના સાહસો શકય નથી તેવી એક સમયની માન્યતાને આજે ગુજરાતીઓએ ભુલાવી દીધી છે. ગુજરાતમાં વાઈબ્રન્ટ મહોત્સવોની શરૂઆત સાથે એડવેન્ચર સ્પોર્ટસને પણ વિવિધ ઉત્સવોનો ભાગ બનાવવાની પ્રથા શરૂ કરનાર તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ પગલાંની સારી એવી અસરો નવી પેઢી પર જોવા મળી રહી છે. આજે ગુજરાતી પરિવારોના બાળકો ટ્રેકિંગ કેમ્પ, પર્વતારોહણ, નાઈટ ટ્રેકિંગ, લોંગરૂટ મોટર બાઈકિંગ, રોક કલાઈમ્બિંગ, રીવર રાફટીંગ, રીવર ક્રોસીંગ, પેરાગ્લાઈડિંગ વગેરેમાં ભાગ લેતા થઈ ગયા છે અને નીતનવા સાહસોનો આનંદ માણવા લાગ્યાં છે. વર્ષ ૨૦૧૯માં મનાલી ખાતે એક ખાનગી આયોજક દ્વારા યોજાયેલા આવાજ એક કેમ્પમાં ગાંધીનગરના માત્ર ૮ વર્ષના બાળકે પોતાના પિતા સાથે જયારે ટોપ હાઈટેડ પેરા ગ્લાઈડિંગ કર્યું હતું ત્યારે કેમ્પમાં હાજર સૌ કોઈ તે દશ્ય જોઈને દંગ રહી ગયા હતા.

ગાંધીનગરના સેકટર-૭-બીમાં રહેતા અને કન્સ્ટ્રકશન કોન્ટ્રાકટર તરીકેનો વ્યવસાય કરતા ૨૫ વર્ષીય ઈરફાન મલેકે માત્ર ચાર વર્ષની વયે પોતાની શાળામાંથી માઉન્ટ આબુ ખાતે આયોજિત બેઝિક

કેમ્પમાં ભાગ લીધો હતો અને બસ ત્યારથી તેમને એડવેન્ચર સ્પોર્ટસનું ઘેલું લાગ્યું હતું. અત્યાર સુધીમાં તેઓ ૪૫થી વધુ વિવિધ એડવેન્ચર કેમ્પમાં ભાગ લઈ ચુકયા છે. એટલું જ નહી પરંતુ આજે પણ તેઓ જયારે રજા હોય કે કામકાજમાંથી ફ્રી હોય ત્યારે શહેરની નજીકમાં સંત સરોવર કે અન્ય જયાં પણ શકય હોય ત્યાં પોતાના બંને બાળકો સાથે નાના મોટા ટ્રેકિંગ કરવા કે નેચર વોક કરવા અથવા બર્ડ વોચિંગ માટે નીકળી જાય છે અને જો કશું શકય ના બને તો છેલ્લે બાળકો સાથે સાયકલીંગ કરવા નીકળી જાય છે. તેમનો મોટો દિકરો ફરહાન આજે ૯ વર્ષનો છે અને નાનો દિકરો આતિફ જેને ઘરમાં લાડથી શાન કહે છે તે માત્ર ચાર વર્ષનો છે પરંતુ આ બંને બાળકોને ટીવીમાં પણ કાર્ટૂન જોવાને બદલે ડિસ્કવરી કે નેશનલ જિયોગ્રાફી જેવી ચેનલ્સ જ જોવી વધુ પસંદ પડે છે. ચાર વર્ષનો આતિફ સંત સરોવર પાસેના ઢોળાવોમાં ટ્રેકિંગ માટે સ્ટેપ ગ્રીપ જમાવવાનું અને રસ્તો શોધી આગળ વધવાનું જાતે શીખી રહ્યો છે તે સાથે પિતા સાથે બેઝિક કેમ્પ પણ કરી ચુકયો છે. સાથે તેને એક સંસ્થા દ્વારા ઈડરીયો ગઢ પર રોક કલાઈમ્બિંગ કરવા માટે મંજૂરી પણ આપી દેવામાં આવી છે અને જો તે ઈડરીયો ગઢ ચઢી જશે તો તેવું કરનાર સૌથી નાની વયનો ટ્રેકર બની જશે.

આતિફ તો હજુ પા પા પગલી માંડે છે પરંતુ તેના ભઈ ફરહાને તો સાહસિક કારનામા શરૂ કરી દીધા છે. માત્ર ૮ વર્ષની વયે તેણે મનાલીમાં ટોપ હાઈટેડ પેરા ગ્લાઈડિંગ કર્યું એટલું જ નહીં પરંતુ તે જ કેમ્પમાં તેણે રોહતાંગ ખાતે બ્રીગુ લેક ખાતે માઈનસ ૬ ડિગ્રી ઠંડીમાં રોક કલાઈમ્બિંગ પણ કર્યું હતું. આ સાહસ દરમિયાન બર્ફીલા પર્વત પર સુકા લાકડા ના મળવાથી આયોજકો

પર્તવારોહકો માટે નૂડલ્સ પણ રાંધી શકયા નહોતા તેથી નીચે આવ્યા ત્યાં સુધીમાં તો ફરહાન સહિત સૌ કોઈને ખૂબ જ ભૂખ પણ સહન કરવી પડી હતી. આમ છતાં તેનો આત્મવિશ્વાસ ડગ્યો નહી અને અત્યાર સુધીમાં તે રોહતાંગ ઉપરાંત કેદારકંઠા જેવા આકરા સ્થળોથી માંડીને લદાક, ડેલહાઉસી, હિંગોળગઢ, રતનમહાલ, ડાંગ, જાંબુઘોડા અને પોળોના જંગલો જેવા સ્થળોએ પણ વિવિધ એડવેન્ચર સ્પોર્ટસમાં ભાગ લઈ ચુકયો છે. મનાલીમાં તો આયોજકે તેને એક ટીમનો લીડર પણ બનાવ્યો હતો તેમાં તેણે સિનિયર ટ્રેકરોને લીડ કરવા સાથે તેમના દરેક કાર્યક્રમમાં સમયસર હાજરી પુરાય તે સહિતની બાબતોનું ધ્યાન રાખવાનું હતું. એ નસીબદાર પણ એટલો છે કે તેણે માઉન્ટ આબુ ખાતે જયારે પહેલીવાર કેમ્પ કર્યો હતો ત્યારે તેને રીંછ અને દીપડો નજીકથી જોવા મળ્યા હતા જે અનેક ટ્રેકરોને ઘણાં બધા કેમ્પ કરવા છતાં નસીબ થતા નથી. ફરહાન અને આતિફ બંને બાળકોમાં સાહસિકતાના ગુણો ખીલવવામાં તેમના પિતાની ભૂમિકા ખૂબ રહી છે જેઓ ફરહાનને ઘરેથી સ્કૂલ સુધી સાયકલ લઈને એકલા આવવાની મંજૂરી ના હોવાથી સમય મળતાં જ સાથે સાયકલ લઈને જઈને પણ સાયકલીંગ કરે તેટલી તકેદારી રાખવાનું ચુકતા નથી.

ઈરફાન મલેકને કોઈ વ્યસન નથી અને પહેલાં તેમને મોંઘા કપડાં, બુટ, ઘડિયાળ કે ગોગલ્સ જેવી ચીજવસ્તુઓ ખરીદવાનો શોખ હતો તે પણ હવે છોડી દઈને તેની બચત તેઓ બાળકોના કેમ્પ અને એડવેન્ચર સ્પોર્ટસ સંબંધિત ચીજવસ્તુઓ ખરીદવા પાછળ વાપરે છે. અત્યારે તેમની પાસે પોતાનો ટેન્ટથી માંડીને બાળકો માટે હાઈકિંગ શુઝ, ટ્રેકિંગ માટેના પેન્ટ સહિતની અનેક જરૂરી ચીજવસ્તુઓ વસાવેલી છે. નવરાશના સમયે તેઓ જયારે બાળકોને લઈને કુદરતના સાનિધ્યમાં રખડવા નીકળી પડે છે ત્યારે સાથે એક ખાલી બેગ લઈ જવાનું ચુકતા નથી જેમાં તેઓ રસ્તામાં અન્યોએ ફેંકેલ કાચ કે પ્લાસ્ટિકની બોટલ્સ, કોથળીઓ કે નમકીનના રેપર્સ વગેરે જવો કચરો એકત્ર કરી લે છે, તેઓ માને છે કે, 'મને કુદરત પસંદ છે અને મારા બાળકોને પણ તે જ પસંદ છે.' જો કે બાળકોની માતા આશિયાના મલેકને પોતાને એડવેન્ચર સ્પોર્ટસ પસંદ નથી પરંતુ પતિ અને બાળકોના આ શોખને મદદરૂપ થવામાં તેઓ કયારેય આનાકાની કરતા નથી, એટલું જ નહીં કેટલાંક બેઝિક કેમ્પમાં તેઓ પણ સામેલ થઈ ચુકયા છે.

એડવેન્ચર સ્પોર્ટસ સાથે સારૂ ડ્રોઈંગ પણ કરી લેતો ફરહાન મોટા થઈને એવરેસ્ટ સર કરવાનું સ્વપ્ન જોઈ રહ્યો છે તો માત્ર ચાર વર્ષનો આતિફ જે ૬ કિમી સુધીનું નોનસ્ટોપ સાયકલિંગ પણ કરી ચુકયો છે તે અત્યારથી ઈડરીયો ગઢ ચઢવાના સાહસની તૈયારી કરી રહ્યો છે કેમ કે તે બંનેને પિતા ઈરફાન મલેક સાહસિકતાના પાઠ ભણાવી આકાશને આંબવા પ્રેરિત કરી રહ્યા છે તે સાથે કુદરતને પ્રેમ કરવાનું પણ સિફતથી શીખવાડી રહ્યા છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

જન્મદિને વધામણી

સી.એલ. મહેતા
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૦૧૬૩ ૨૮૦૨૨

ડો. યશરાજ એસ. મજમુદાર

સોમાભાઈ બી. પટેલ
પૂર્વ સમરસ સરપંચશ્રી
પાલડી-વ્યાસ, તા.માણસા
મો. ૯૪૨૮૬ ૧૪૪૯૦

ભવ્યરાજ
નરેશકુમાર પરમાર

જલ્પા જે શાહ
મો. ૯૮૨૪૫ ૪૩૧૦૧

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. મકવાણા લક્ષ્મીબેન ઓખાભાઈ
  ઉ.વ. ૭૦, સે-૧૩, છાપરાં
- સ્વ. બારજોડ કમળાબેન કચરાભાઈ
  ઉ.વ. ૮૫, વડોદરા, ગાંધીનગર